# વિરમગામનાં મહેરબાન અધિક સિનિયર સિવિલ જજ સાહેબની અદાલતમાં, મું.વિરમગામ.

| | |
|---|---|
| દાખલ તારીખ | ૨૪–૧૨–૨૦૨૫ |
| રજી. તારીખ | ૨૪–૧૨–૨૦૨૫ |
| ફેંસલ તારીખ | ૨૩–૦૩–૨૦૨૬ |
| અવધિ | ૦૦ વર્ષ, ૦૨ માસ, ૨૭ દિવસ |

**<u>રેગ્યુ. દિવાની મુકદ્દમા નં.૩૪૭/૨૦૨૫</u>**

**આંક :–**

નાયબ ઈજનેરશ્રી ઈન્દ્રજીતસિંહ અજીતસિંહ,
ઉતર ગુજરાત વિજ કંપની લી.,
નાયબ ઈજનેરની કચેરી,
વિરમગામ ગ્રામ્ય પેટા વિભાગની કચેરી, માંડલ રોડ,
તા. વીરમગામ, જી. અમદાવાદ

**::: વાદી.**

**વિરુધ્ધ.**

કોદાભાઈ ચોથાભાઈ,
ઉ.વ.આ.પુખ્ત, ધંધો : ખેતી,વેપાર,
મુ.પો. વનથળ, સેનવાવાસ તા.વિરમગામ, જી.અમદાવાદ. **:::પ્રતિવાદી.**

| | |
|---|---|
| **દાવો :–** | **સી.પી.સી. ઓ ૭ રૂલ ર મુજબ બીલની રકમ રૂા.૧૦,પર૪/– પ્રતિવાદી પાસેથી વસુલ મળવા. ..** |
| **વાદી તરફે : વિ.વ.શ્રી એ.જે.સથવારા**<br>**પ્રતિવાદી તરફે :** | |

**–:: ઠ રા વ ::–**

**(૧)** આ કામનાં વાદીનાં દાવાની ટૂંકમાં હકીકત એવી છે કે, વાદી કંપની ભારતીય કંપની ધારો ૧૯૫૬ અન્વયે અસ્તિત્વમાં આવેલ કંપની છે અને અગાઉ ગુજરાત વિદ્યુત બોર્ડના નામથી વીજ પુરવઠો પુરો પાડવા વિગેરેનુ કાર્ય કરતી કંપનીનો કારભાર અલગ અલગ કંપનીઓમાં વહેંચીને ગુજરાત રાજયમાં જે કંપનીઓ વીજપુરવઠો પુરો પાડવા વિગેરેના આશયથી અસ્તિત્વમાં આવેલ છે તે પૈકીની વાદી કંપની છે વાદી કંપનીની વિરમગામ ગ્રામ્ય પેટા વિભાગની ઓફીસ વિરમગામ સેવાદન પાસે અલીગઢ રોડ પર આવેલ છે અને તેઓ આ દાવામાં સહી કરનાર વિરમગામ ગ્રામ્ય પેટા વિભાગ કચેરીના વહીવટ કર્તા છીએ વાદી કંપનીનુ લેણુ વસુલ કરવાની કાર્યવાહી કરવાની અમોને સત્તા છે.

વધુમાં વાદી જણાવે છે કે, આ કામના પ્રતિવાદી નામદાર કોર્ટની હકુમતના વિરમગામ ગ્રામ્ય પેટા વિભાગમાં આવતા વનથળ ગામના ગ્રાહક હતા અને તેમણે પોતાના ઘરવપરાશના હેતુ માટે પોતાના નામના વીજ કનેકશનનો ઉપયોગ કરતા હતા તેઓનો ગ્રાહક નં.૨૫૭૨૫૦૦૧૨૦૨ છે અને આ કામનાં પ્રતિવાદીનું વીજ વપરાશ અંગેનુ ખાતુ વાદી કંપનીની વિરમગામ રૂરલ સબડીવીઝનની ઓફીસમાં આવેલ છે. તે ખાતામાં જણાવ્યા પ્રમાણે મે–૨૦૨૫ સુધીનું રૂા.૭,૨૩૧/– નું તથા તે ઉપર ધારાધોરણ મુજબ તા. ૩૧/૦૭/૨૦૨૫ સુધીના વિલંબીત ચુકવણી ચાર્જ રૂા. ૩,૨૯૩/– નુ મળીને કુલ રૂા.૧૦,પર૪/– નુ લેણુ પડે છે જે તેઓએ આજદીન સુધી ભરપાઈ કરેલ નહી.

વાદી વધુમાં જણાવે છે કે, આ કામના પ્રતિવાદી પાસે લેણી પડતી વીજ

વપરાશની રકમ અંગે તેઓ વાદી કંપનીએ અવાર નવાર માંગણી કરી કરાવી છતાં પ્રતિવાદીએ બીલની રકમ ભરપાઈ કરતા ન હોઈ પ્રતિવાદીને તા.૨૪/૦૪/૨૦૨૩ ના રોજ આખરી નોટીસ રજી.પો.એડીથી મોકલાવેલ જે તેઓને મળ જવા છતાં કોઈ રકમ જમા ન કરાવેલ અને ત્યારબાદ આ કામના પ્રતિવાદીને છેલ્લી તક આપવા સારુ તા.૨૧/૦૭/૨૦૨૫ ના રોજ લીગલ નોટીસ આપેલ પ્રતિવાદીએ નોટીસનો કોઈ જવાબ આપેલ નથી તેમજ કાંઈ રકમ પણ વસુલ આપેલ નથી.

જે દાવાના તમામ ખર્ચ સહીત રૂા.૧૦,૫૨૪/- નું લેણુ પડે છે જે તા. ૧ /૦૮/૨૦૨૫ થી ૧૮% પ્રમાણેના વ્યાજ સહીત પ્રતિવાદીની હરેક પ્રકારની સ્થાવર, જંગમ તથા જાત-મીલકત ઉપરથી વસુલ અપાવવા વાદીનાં લાભમાં હુકમનામું કરી આપવા અને અન્ય યોગ્ય લાગે તે દાદ અપાવવા અરજ કરેલ છે.

(૨) આ દાવાના કામે પ્રતિવાદીને દાવાના સમન્સ/નોટીસની ધોરણસરની બજવણી થયેલ હોવા છતાં પ્રતિવાદી જાતે કે તેમના વકીલશ્રી મારફત હાજર રહેલા ન હોય તેઓનો જવાબનો હકક તા. ૦૨/૦૩/૨૦૨૬ ના રોજ બંધ કરવામાં આવેલ છે તથા પ્રતિવાદી વિરૂધ્ધ દાવો એકતરફી ચલાવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૩) સદર કામમાં વાદીએ તેઓનાં દાવાનાં સમર્થનમાં નીચે મુજબનાં મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

**-: <u>મૌખિક પુરાવા</u> :-**

| ક્રમ. | સાહેદનું નામ. | આંક |
|---|---|---|
| ૧. | સાહેદ ઈનદ્રજીતસિંહ અજીતસિંહ વાઘેલાનું પુરાવાનું સોગંદનામું.(નાયબ ઈજનેર, વિરમગામ સબ ડીવીઝન રૂરલ). | ૦૧ |

**-: <u>દસ્તાવેજી પુરાવા</u> :-**

| ક્રમ. | દસ્તાવેજ. | આંક |
|---|---|---|
| ૧. | આખરી નોટીસ ની ઓફીસ કોપી અસલ | ૧૦ |

| | | |
|---|---|---|
| ૨. | ઉપરોકત લીગલ નોટીસ મોકલેલ જે અંગ રજી.એડીની પાવતી અસલ | ૧૧ |
| ૩. | લીગલ નોટીસ ની ઓફીસ કોપી અસલ | ૧૨ |
| ૪. | લીગલ નોટીસ મોકલેલ જે અંગ રજી.એડીની પાવતી અસલ | ૧૩ |
| ૫. | પરફોમાની નં.૧૨ ની નકલ | ૧૪ |
| ૬. | વાદી દવારા પ્રતિવાદીના ખાતે ઉધારેલ રકમના લેજરની ખરી નકલ | ૧૫ |

ત્યારબાદ વાદી તરફે વિશેષ કોઈ પુરાવો રજુ કરવા માંગતા ન હોય **આંક– ૧૬** થી પુરાવો પુરો થયાની કલોઝીંગ પુરશીસ રજુ કરવામાં આવેલ છે.

(૪) આ કામે પ્રતિવાદી જાતે કે તેમના વકીલશ્રી મારફતે હાજર થયેલ ન હોઈ કે કોઈ રીપોર્ટ પણ રજુ ન હોય, પ્રતિવાદી તરફે કોઈ પુરાવો રજુ નથી.

(૫) ત્યારબાદ સદર દાવાનાં કામે વાદી તરફે વિ.વ.શ્રી ની વિસ્તૃત દલીલો સાંભળી.

(૬) આમ, ઉપરોકત હકીકતે સદરહું દાવાનાં ન્યાયીક નિર્ણય માટે નામદાર કોર્ટ દ્વારા આંક–૦૬ થી નીચે મુજબનાં મુદ્દા ઉપસ્થિત કરવામાં આવેલા છે.

**–:: મુદ્દા ::–**

1. શું વાદી સાબિત કરે છે કે, તેઓ પ્રતિવાદી પાસેથી દાવાવાળી લેણી રકમ વસુલ મેળવવા હકકદાર છે?
૨. શું વાદી પુરવાર કરે છે કે તેઓ દાવાવાળી લેણી રકમ ઉપર માંગ્યા મુજબનું વ્યાજ મેળવવા હકકદાર છે?
૩. શું હુકમ અને હુકમનામું?

(૭) પ્રસ્તુત મુદાઓ અંગેનાં મારા ન્યાયીક નિર્ણયો નીચે મુજબ છે.

૧. હકારમાં.

૨. અંશત: હકારમાં.

૩. અંશત: હકારમાં

૪. આખરી હુકમ મુજબ.

આમ દાવાનાં નિકાલ માટે ઉપસ્થિત કરવામાં આવેલાં આંક–૦૬ ના મુદાઓ સં બંધે નાં મારા ન્યાયીક નિર્ણય અંગે નાં કારણો ની ચર્ચા નીચે મુજબ કરુ છું.

**–: કા ર ણો :–**

**મુદ્દા નં.૧ અને ૨.**

(૮) આ કામે વાદીએ પ્રતિવાદી પાસેથી લેણી પડતી વીજ વપરાશની રકમની માંગણી કરેલ છે અને સદર હકીકત પ્રસ્થાપિત કરવા માટે આંક–૦૮ થી નાયબ ઈજનેર, નું પુરાવાનું સોગંદનામું રજુ થયેલ છે. જે સોગંદનામામાં વાદી સાહેદે દાવા અરજી મુજબની હકીકતો જણાવેલ છે અને તેઓએ જણાવેલ છે કે, આ કામે વાદી કંપનીનાં પ્ર તિવાદી પાસે ગણતરી કર્યા મુજબ ડીલે પેમેન્ટ ચાર્જ સહિતની રકમ બાકી લેણા રહે છે. સદરહું સોગંદનામાની હકીકતને પ્રતિવાદી ધ્વારા પડકારવામાં આવી નથી. ત્યારે કાયદાનાં પ્રસ્થાપિત સિધ્ધાંતો મુજબ પ્રતિવાદીને હકીકતો સ્વીકાર્ય છે તેમ માનવાનું રહે છે. જો કે વાદીએ પોતાનો કેસ પોતાના પુરાવાથી પ્રસ્થાતિ કરવો જરૂરી છે અને તે માટે વાદીએ આંક–૧૦ થી વાદી કંપનીએ પ્રતિવાદીને આપેલ આખરી નોટીસની ઓફીસ કોપી રજુ કરવામાં આવેલ છે, જે પ્રતિવાદીના નામ જોગ નોટીસ છે. જેમા નાયબ ઈજનેરની સહી છે. આંક–૧૨ થી વાદી કંપનીએ પ્રતિવાદીને આપેલ લીગલ નોટીસની ઓફીસ કોપી રજુ કરવામાં આવેલ છે, જે પ્રતિવાદીના નામ જોગ નોટીસ છે. જેમા નાયબ ઈજનેરની સહી છે. પ્રતિવાદીને તા. ૨૧/૭/૨૫ ના રોજ આપેલ નોટીસ રજુ

છે જે પ્રતિવાદીના નામજોગ નોટીસ પ્રતિવાદીના સરનામે મોકલવામાં આવેલ છે તેમજ તેમા વીજ બીલની રકમ પણ દર્શાવેલ છે. વધુમાં સદર નોટીસ વંચાણે લેતા જણાઈ આવે છે તેમા બાકી નીકળતી રકમ કુલ રૂા. ૧૦,૫૨૪/– દર્શાવેલ છે. પરંતુ સદરહુ વિલંબીત ચુકવણીની રકમ કંપનીના કયા નિયમો અનુસાર દર્શાવેલ છે તથા તેની ગણતરી કેવી રીતે કરેલ છે તે આ નોટીસથી ફલિત થતુ નથી. આંક–૧૧ અને આંક–૧૩ થી આખરી નોટીસ અને લીગલ નોટીસ પ્રતિવાદીને મળી ગયેલ હોવાની એકનોલેઝમેન્ટો રજુ છે આમ સદર નોટીસો પ્રતિવાદીને મળી ગયેલ છે. આંક–૧૫ થી વાદી કંપનીના લેઝર ઉપરથી પ્રતિવાદીના ઉતારેલ વીજ વપરાશના ખાતાની ખરી નકલ રજુ થયેલ છે, જે વંચાણે લેતા, જેમાં કન્ઝયુમર તરીકે હાલનાં પ્રતિવાદીનું નામ દર્શાવેલ છે. આમ પ્રતિવાદી વાદી વીજ કંપનીના કાયદેસર ગ્રાહક છે અને કુલ રકમના કોલમમાં રૂા.૭,૨૩૦.૫૫/– પૈસા પ્રતિવાદીના ખાતાનો ઉતારો જોતાં બાકી જણાઈ આવે છે. જેમાં ડેપ્યુટી એન્જી. યુ.જી.વી.સી.એલ. વિરમગામ રૂરલ સબ ડીવીઝન નાઓની સહી છે. વધુમાં સદરહુ ઉતારાને ઉપરોકત રજુ દસ્તાવેજી પુરાવા સાથે ઘ્યાને લેવામાં આવે તો આ કામના પ્રતિવાદીએ જ વીજચોરી કરી શકે તે માનવાને કોઈ કારણ રહેતુ નથી. આમ, વાદી કંપની ઘ્વારા રજુ થયેલ ઉપરોકત દસ્તાવેજ બાબતે પ્રતિવાદી જાતે કોર્ટમાં હાજર થઈ વિરોધ દર્શાવેલ નથી કે કોઈ તકરાર લીધેલ નથી. તેથી હાલનાં પ્રતિવાદી પાસેથી લેણી પડતી રકમ મેળવવા વાદી હકકદાર હોવાનું જણાય છે.

(૯) આ કામે વાદી તરફથી આંક–૧૫ થી પ્રતિવાદીનાં લેજરનો ઉતારો રજુ કરવામાં આવેલ છે, જે લેઝર વાદી સંસ્થા ઘ્વારા નિયત નમુનામાં રોજે રોજ નિભાવવામાં આવે છે. ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૩૫ મુજબ જાહેર અથવા અન્ય અધિકૃત ચોપડા, રજીસ્ટર અથવા રેકર્ડમાં મુદા માટેની હકીકત અથવા પ્રસ્તુત હકીકત દર્શાવતી વિગતો છે, જે એક જાહેર નોકરે પોતાની અધિકૃત ફરજ બજાવતા અથવા તેઓની ફરજનું પાલન કરતા કરેલી નોંધ આપો આપ પ્રસ્તુત હકીકત છે અને પુરાવામાં ગ્રાહય છે. તે પ્રમાણે આ કામે આંક– ૧૫ થી રજુ કરેલ પ્રતિવાદીનાં લેજરનો ઉતારો પણ

જાહેર રેકર્ડ હોઈ પુરાવામાં ગ્રાહય છે. વીજ વપરાશની લેણી રકમ રૂા.૭,૨૩૦.૫૫/– પૈસા નીકળતી રકમ દર્શાવેલ છે. આમ વાદીની હકીકતોને આંક–૧૫ થી સમર્થન મળેલ છે. અને તેનાથી વિરૂધ્ધની હકીકતો જયારે રેકર્ડ ઉપર આવેલ નથી ત્યારે એમ માનવુ રહે કે વાદીનાં પ્રતિવાદી પાસે વીજ વપરાશના રૂા.૭,૨૩૦.૫૫/–પૈસા લેણાં છે.

**(૧૦)** વાદીએ, પ્રતિવાદી પાસે ડીલે પેમેન્ટ ચાર્જની તથા વ્યાજની માંગણી કરેલ છે પરંતુ સીવીલ પ્રોસીજર કોડની કલમ–૩૫ મુજબ વાદી પ્રતિવાદી પાસે જો કોઈ કરાર હોય તો તે મુજબનું વ્યાજ મેળવવા વાદી હકકદાર છે પરંતુ આવો કરાર આ કામે રજુ થયેલ નથી ત્યારે વાદીએ એક જાહેર સંસ્થા છે અને વાદીએ પ્રતિવાદીને નોટીસ આપેલ અને તે નોટીસ જયારે પ્રતિવાદીને બજી ગયેલ હોવા છતાં આજદિન સુધી પ્રતિવાદી તરફથી વાદીને કોઈ રકમ ચુકવવામાં આવેલ નથી. આમ વાદીનાં કાયદેસરનાં લેણાં પ્રતિવાદીએ નિયમ સમયમર્યાદામાં ચુકવેલ ન હોઈ વાદી કંપની પ્રવર્તમાન સમયમાં ચાલતા રાષ્ટ્રીયકૃત બેન્કોનાં દર મુજબ વાર્ષિક ૬% નાં સાદા વ્યાજનાં દરે લેણી રકમ પર દાવા તારીખથી વ્યાજ મેળવવા હકકદાર છે. આમ ઉપરોકત કરેલ ચર્ચા મુજબ **મુદા નં. ૧** નો જવાબ '**હકારમાં**' અને **મુદા નં.૨** નો જવાબ '**અંશત હકારમાં**' આપવામાં આવે છે.

**<u>મુદા નં. ૩.</u>**

**(૧૧)** સદર કામે વાદીએ પ્રતિવાદી પાસેથી રૂા.૧૦,૫૨૪/–પુરા ૧૮ % લેખે દાવાની તારીખથી વિલંબીત ચુકવણી ચાર્જ સહીત તેમજ દાવાનો ખર્ચ પ્રતિવાદી પાસેથી વસુલ અપાવવાનું વાદીના લાભમાં હુકમનામું કરવા દાવો કરેલ છે. સદર કામમાં ઉપરોકત ચર્ચા કરેલ છે તે મુજબ આ કામના પ્રતિવાદી પાસેથી બીનઅધિકૃત રીતે કરેલ વિજવપરાશ પેટે રૂા.૭,૨૩૦.૫૫/– પૈસા પુરા વસુલાત પેટે બાકી નીકળતી હોવાની હકીકત સાબીત થયેલ છે. તેમજ વાદીએ દાવાની રકમ સાથે ૧૮ % લેખે વ્યાજની માંગણી કરેલ છે. આ અંગે ઉપરોકત મુદામાં કરેલ ચર્ચા મુજબ વાદી વ્યાજ

૬% મેળવવા હકકદાર બનતા હોય તેથી **મુદ્દા નં. ૩** નો જવાબ ''**અંશત:હકારમાં**'' આપી **મુદા નં. ૪** પરત્વે ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>-:: આ ખ રી હુ ક મ ::-</u>**

**(૧)** આ કામનાં વાદીનો દાવો આથી અંશત: મંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આ કામનાં વાદી, પ્રતિવાદી પાસેથી તેઓની હરેક પ્રકારની સ્થાવર તથા જંગમ મિલકત ઉપરથી રૂા.૭,૨૩૦.૫૫/- પૈસા (અંકે રૂપિયા સાત હજાર બસો ત્રીસ પંચાવન પૈસા) પુરા તા.૧૩/૦૫/૨૦૨૫ થી રકમ વસુલ થતા સુધી વાર્ષિક ૬ ટકાનાં ચડત વ્યાજ સહિત વસુલ મેળવવા હકકદાર બને છે તેવું ઠરાવવામાં આવે છે અને પ્રતિવાદીએ વાદીની લેણી ચડત રકમ વ્યાજ સહિત હુકમની તારીખ થી એક માસમાં ચુકવી આપવી તેવો આથી પ્ર તિવાદીને આદેશ કરવામાં આવે છે.

**(૩)** આ દાવાનું વાદીનું ખર્ચ પ્રતિવાદીએ ભોગવવું અને પ્રતિવાદીએ પોતાનું ખર્ચ જાતે ભોગવવું.

**(૪)** હુકમ મુજબ હુકમનામું દોરવું.

આ હુકમ આજ તારીખ : ૨૩ મી, માહે : માર્ચ , સને -૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

વિરમગામ
તા.૨૩-૦૩-૨૦૨૬

**(ધનંજય જગદીશચંદ્ર વ્યાસ)**
Judge Code-GJ 01263
અધિક સિનીયર સીવીલ જજ,વિરમગામ

Ms.R.B.BHASKAR (P.A.)